# આગામી ચૂંટણીમાં કોંગ્રેસ નવા ચહેરાઓને મેદાનમાં ઉતારશે

**અનુભવના** નીચોડ સાથે જૂના જોગીઓ અને નવ યુવાનોનો જોમ અને જુસ્સો જરૂરી હોવાની કોંગ્રેસની નવી રણનીતિ

અમદાવાદઃ ગુજરાતમાં આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ હવે નવી રણનીતિ સાથે ચૂંટણી મેદાનમાં ઉતારવાની તૈયારીઓ શરૂ કરી છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસ હવે નવા યુવા ચહેરાઓને ચૂંટણી મેદાનમાં ઉતારશે. જુના જોગીઓનો અનુભવ અને નવા યુવાનોનો જુસ્સો આ બંનેના તાલમેલ સાથે કોંગ્રેસ હવે નવી રણનીતિ સાથે ચૂંટણી જંગમાં ઉતરશે.

ગુજરાતમાં કોંગ્રેસે આગામી સ્થાનિક સ્વરાજ્ય સહિત વિધાનસભાની ચૂંટણીઓમાં યુવા કાર્યકર્તાઓને પ્રાધાન્ય આપવા દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જેને પગલે પ્રદેશમાં હવે નવી રણનીતિ તૈયાર કરાઈ રહી છે. જેમાં યુવાનોને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી દ્વારા તૈયાર કરાયેલી નવી રણનીતિના ભાગરૂપે દિલ્હીથી એક ટીમ ગુજરાતમાં યુવાનોને ચૂંટણી જંગમાં ઉતારવા અંગેની રણનીતિ તૈયાર કરવા મોરચો સંભાળ્યો છે. ગુજરાતમાં હવે પછીની તમામ ચૂંટણીઓમાં નવા અને યુવા ચહેરાવો જોવા મળી શકે છે.

# રાજ્યમાં હજુયે 24 કલાક કાતિલ ઠંડી રહેશે, કેશોદમાં 8 ડિગ્રી તાપમાન

**અગાઉ** કેશોદનું તાપમાન 3 ડિગ્રી થઈ ગયું હતું, પૂર્વીયથી દક્ષિણ-પૂર્વીય પવનની અસરથી ઠંડી ઘટી

ગાંધીનગરઃ રાજ્યમાં પૂર્વીયથી દક્ષિણ - પૂર્વીય પવનની અસરના પગલે ઠંડીનો ચમકારો સ્હેજ નરમ પડયો છે. ખાસ કરીને આજે શુક્રવારે રાજ્યમાં સૌથી વધુ ઠંડી સૌરાષ્ટ્રના કેશોદમાં 8 ડિગ્રી નોંધાવવા પામી છે. જ્યારે કચ્છના નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. હજુયે આગામી 24 કલાક દરમ્યાન ઠંડીનો ચમકારો રહેશે, તે પછી બહુ ખાસ ફેરફાર તાપમાનમાં થાય તેવી શકયતા નથી. કેશોદમાં ત્રણ ડિગ્રી સુધી ઠંડીનો પારો નીચે ગગડી ગયો હતો. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર , રાજયમાં ઉત્તર ગુજરાતમાં તપમાન સામાન્ય કરતાં સ્હેજ ઉપર રહ્યું હતું. જયારે સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં સ્હેજ નીચું રહ્યું હતું. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજયમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 12 ડિ.સે.,નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 12 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 9 ડિ.સે., અમરેલીમાં 9 ડિ.સે., ભાવનગરમાં 14 ડિ.સે.,રાજકોટમાં 11 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે.,મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 8 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 14 ડિ.સે.,વડોદરામાં 12 ડિ.સે.,અને સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે., લધુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# મુંબઈ મહાનગરપાલિકામાં ૨૫ વર્ષ પછી ઠાકરે પરિવારના શાસનનો અંત આવ્યો



મુંબઇનાં મતદારોએ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના ધિક્કારજનિત રાજકારણને જાકારો આપ્યો છે અને ભાજપના કમળ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. પહેલી વાર મુંબઇ મહાનગરપાલિકા (BMC) પર ભાજપનો કબજો થશે તેવું લાગે છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાની મહાયુતિએ બહુમતી મેળવી લીધી છે. લાંબા સમયથી BMCમાં મહાયુતિ અને ઠાકરે ભાઈઓ વચ્ચે નજીકની લડાઈ ચાલી રહી હતી, પરંતુ હવે ભાજપે મોટી છલાંગ લગાવી છે. મુંબઇ મહાનગરપાલિકામાં ઠાકરે પરિવારના લાંબા શાસનનો આખરે અંત આવ્યો છે. બંને ઠાકરે ભાઈઓ બાળાસાહેબ ઠાકરેના વારસાને બચાવવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું લાગે છે. ચૂંટણી પરિણામોનાં વલણોએ આ વખતે ભાજપની સરકાર બનવાનો સંકેત આપ્યો છે. BMC પહેલી વાર કબજે કરવા માટે ભાજપ તૈયાર લાગે છે. ઉદ્ધવની શિવસેના સાથે ગાઢ લડાઈ બાદ ભાજપે મોટી છલાંગ લગાવી છે. BMC ચૂંટણી ૨૦૨૬ નાં વલણોમાં BJP ની આગેવાની હેઠળની મહાયુતિ ૧૦૯ બેઠકો સાથે આગળ છે. ઠાકરે ભાઈઓ ૬૪ બેઠકો પર સમેટાઇ ગયા હોય તેવું લાગે છે.

મહારાષ્ટ્ર સંપૂર્ણપણે ભગવા રંગનું થઈ ગયું હોય તેવું લાગે છે. BMC ચૂંટણીમાં ભાજપે જીત મેળવી છે. વલણો સૂચવે છે કે ભાજપનો ૨૫ વર્ષનો વનવાસ સમાપ્ત થઈ રહ્યો છે. જો વર્તમાન વલણો પરિણામોમાં પરિણમે છે, તો મુંબઇમાં ૨૫ વર્ષમાં પહેલી વાર BMCમાં ભાજપનો મેયર હશે. અત્યાર સુધી મુંબઇનું મેયરપદ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) પાસે હતું. છેલ્લી BMC ચૂંટણી ૨૦૧૭ માં યોજાઈ હતી. તે BMC ચૂંટણીમાં શિવસેના વિભાજીત થઈ ન હતી. તે સમયે, અવિભાજિત શિવસેના ૮૪ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની હતી, જ્યારે ભાજપ ૮૨ બેઠકો સાથે ફક્ત બે ડગલાં પાછળ રહી ગઈ હતી. કોંગ્રેસે ૩૧ બેઠકો, NCPએ ૯ અને MNSએ ૭ બેઠકો જીતી હતી. જો કે, આ વખતે સમીકરણો બદલાઈ ગયાં છે. શિવસેના વિભાજીત થઈ ગઈ છે. ઉદ્ધવની શિવસેના હવે MNS સાથે જોડાઈ ગઈ છે. BMC દેશની સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન ગણાય છે. BMCનું પૂરું નામ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન છે.

યુદ્ધ પોઈન્ટ

સમકિત શાહ

૧૮૬૫માં બ્રિટીશ રાજમાં સ્થાપિત BMC માત્ર એક સ્થાનિક સંસ્થા નથી. તે ભારતનું સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન છે. ૭૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વાર્ષિક બજેટ સાથે તેની નાણાંકીય શક્તિ ગોવા, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ જેવાં ઘણાં રાજ્યો કરતાં વધુ છે. બીએમસીના આવકના સ્રોતોમાં રહેણાંક અને વાણિજ્યિક મિલકતોમાંથી વસૂલવામાં આવતા મિલકત વેરા અને પાણી વેરા, ગટર વેરા અને પાર્કિંગ વેરા જેવા સેવા વેરાનો સમાવેશ થાય છે. વિકાસ ચાર્જમાં બિલ્ડિંગ પરમિટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રીમિયમમાંથી મળેલી રકમનો સમાવેશ થાય છે. આ વિશાળ આવકનો આધાર બીએમસીને રાજ્ય સરકારથી સ્વતંત્ર રીતે મોટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો હાથ ધરવાની મંજૂરી આપે છે, જે કોઈ પણ રાજકીય પક્ષ માટે તેનું નિયંત્રણ એક મહત્ત્વપૂર્ણ સંપત્તિ બનાવે છે. શિવસેના માટે BMC સોનાનાં ઈંડાં આપતી મરઘી સમાન હતી.

ઐતિહાસિક રીતે, BMC ૨૫ વર્ષથી વધુ સમયથી શિવસેનાનો મુખ્ય ગઢ રહ્યો છે. બાળાસાહેબ ઠાકરેના વારસાને જાળવી રાખવા માટે શિવસેના-UBTના વડા ઉદ્ધવ ઠાકરેએ તેમના ભાઈ રાજ ઠાકરે સાથે જોડાણ કર્યું હતું. રાજકીય વિશ્લેષકો માને છે કે મ્યુનિસિપલ ચૂંટણીમાં હાર ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેના-UBT ગઠબંધનની સ્થિતિ નબળી પાડી શકે છે, જેના કારણે કેટલાક ધારાસભ્યો પક્ષપલટો કરીને શાસક મહાયુતિમાં જોડાઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે માટે આ ચૂંટણી રાજકીય અસ્તિત્વ માટેનું યુદ્ધ છે. એકનાથ શિંદે સામે પાર્ટીનું નામ અને પ્રતીક ગુમાવ્યા પછી અને ૨૦૨૪ ની વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા પછી બીએમસી તેમનો છેલ્લો મોટો ગઢ હતો. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળના ભાજપ માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) આ ચૂંટણીનો સૌથી મહત્ત્વપૂર્ણ વિજય છે.

મુંબઈનાં લોકોએ આજે ફડણવીસ-શિંદેની જોડીમાં વિશ્વાસ વ્યક્ત કરીને સ્પષ્ટ કરી દીધું છે કે બીએમસીનો સાચો રાજા કોણ છે. પહેલી વાર મુંબઈવાસીઓએ ભાજપને સત્તાની કમાન સોંપી છે. હવે, કેન્દ્ર અને રાજ્ય સરકારો પછી, ટ્રિપલ એન્જિન સરકાર દેશના સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન પર પણ શાસન કરશે. આ ચૂંટણી ઠાકરે પરિવાર માટે સૌથી મોટો ઝાટકો સાબિત થઈ છે. આશ્ચર્યજનક રીતે, ૨૦ વર્ષ પછી રાજ અને ઉદ્ધવ ઠાકરેનું એકસાથે આવવું પણ જનતાને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયું છે.

અલગથી ચૂંટણી લડનાર કોંગ્રેસને પણ ઝાટકો લાગ્યો છે, જે બે આંકડાના નીચા આંકડા પર આવી ગઈ છે. ભાજપ કાર્યાલયોમાં દિવાળી જેવી ઉજવણી શરૂ થઈ ગઈ છે. મુંબઈમાં ભાજપના વિજયના સમાચાર મળતાં જ મુંબઈથી નાગપુર સુધીનાં ભાજપ કાર્યાલયોમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને મીઠાઈઓ વહેંચવામાં આવી હતી.

મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન દરેક પક્ષના નેતાઓએ કેટલી રેલીઓ કરી તેના આંકડા ખૂબ જ રસપ્રદ છે. પરિણામોમાં પણ તેનું પરિણામ સ્પષ્ટ દેખાય છે. મહાયુતિના નેતાઓએ રાજ્યભરમાં સતત સભાઓ અને રોડ શો યોજ્યા હતા. એકનાથ શિંદેએ સૌથી વધુ કાર્યક્રમો યોજ્યા હતા, જ્યારે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ સક્રિય હતા. તેની સરખામણીમાં, કોંગ્રેસ પાર્ટીએ એક પણ મોટી રેલી યોજી ન હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન કુલ ૩૭ પ્રચાર સભાઓ અને કાર્યક્રમો યોજ્યા હતા. નાયબ મુખ્યમંત્રી શિંદે સૌથી વધુ સક્રિય હતા. શિંદેએ કુલ ૫૪ પ્રચાર કાર્યક્રમો યોજ્યા હતા, જેમાં ૨૫ જાહેર સભાઓ અને ૨૯ રોડ શોનો સમાવેશ થાય છે. અજિત પવારે ૨૫ સભાઓ અને રેલીઓને સંબોધિત કરી હતી. દરમિયાન, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ફક્ત ત્રણ સંયુક્ત બેઠકોમાં હાજરી આપી હતી.

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ભાજપ ગઠબંધનની જીત બદલ મુંબઈવાસીઓનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે લોકોએ વિકાસના મુદ્દા પર મતદાન કર્યું અને અન્ય મુદ્દાઓને નકારી કાઢ્યા છે. શિવસેનાના નેતા સંજય નિરૂપમે જણાવ્યું છે કે મુંબઈના હિત માટે બોલતા નેતાઓ જ મુંબઈ પર રાજ કરશે. તેમનું કહેવું છે કે શહેર ભાષાકીય અને પ્રાદેશિક સંઘર્ષોથી આગળ વધી ગયું છે. આજના મુંબઈને સ્વચ્છ હવા, શુદ્ધ પાણી અને સ્વચ્છ, ચમકતા શહેરની જરૂર છે. મુંબઈવાસીઓ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે તેમનો એજન્ડા ફક્ત વિકાસ છે.

ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ભેગા થયા છતાં કોઈ ચમત્કાર થયો નહીં. શિવસેના (UBT) અને MNS ગઠબંધન ફક્ત ૭૦ બેઠકો પર સમેટાઈ ગયું છે. દાદર અને માહિમ જેવા પરંપરાગત ગઢમાં પણ, ઠાકરે જૂથને મુશ્કેલ પડકારનો સામનો કરવો પડ્યો છે. મતદારોએ ઉદ્ધવ ઠાકરેના વારસા કરતાં શિંદેની કાર્યશીલતાને વધુ પસંદ કરી છે. કોંગ્રેસ પણ ફક્ત ૧૩ બેઠકો પર સમેટાઇ ગઈ હોવાથી પોતાનો પગપેસારો કરવા માટે સંઘર્ષ કરી રહી છે. ભાજપનો દબદબો ફક્ત મુંબઈમાં જ નહીં, પણ પુણે અને નાગપુરમાં પણ છે. રાજ્યના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી ૨૩માં મહાયુતિ આગળ છે. લાતુર અને નાંદેડ જેવા વિસ્તારોમાં પણ વિપક્ષને નુકસાન થયું છે.

મહારાષ્ટ્રના મંત્રી મંગલ પ્રભાત લોઢાએ કહ્યું કે ઠાકરે પરિવારનું શાસન હવે ઇતિહાસ બની ગયું છે. તેમણે આનું શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને દેવેન્દ્ર ફડણવીસના સુશાસનને આપ્યું હતું. લોઢાએ કહ્યું કે આ દેશભક્તિનું રાજકારણ છે અને લોકોએ તેને પસંદ કર્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે જે કોઈ પણ દેશ વિરુદ્ધ કામ કરશે તેને જૂતાંથી મારવામાં આવશે. વિપક્ષ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે ૨૫ વર્ષ સુધી આ લોકો મુંબઈ મહાનગરપાલિકાને સોનાનાં ઇડાં આપતી મરઘી માનતા હતા, પરંતુ તેમણે હંમેશા વિકાસને અવરોધવાનું કામ કર્યું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આ ચૂંટણી ઠાકરે પરિવાર માટે સૌથી મોટો ઝટકો સાબિત થઈ છે. આશ્ચર્યજનક રીતે ૨૦ વર્ષ પછી રાજ અને ઉદ્ધવ ઠાકરેનું એકસાથે આવવું પણ જનતાને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયું છે**

## આયુર્વેદ, હોમિયોપેથી અભ્યાસક્રમની ખાલી બેઠકોમાં કટ ઓફ બાદ ચોઈસ ફીલિંગનો પ્રારંભ

ગાંધીનગરઃ આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમની ખાલી રહેલી બેઠકો કટ ઓફ મેરીટ બાદ તારીખ લંબાવવાના કારણે મેરીટ યાદીમાં સામેલા થયેલા ઉમેદવારો માટે ચોઈસ ફીલિંગનો પ્રારંભ કરવામાં આવ્યો છે 19 જાન્યુઆરી બપોરે 12 વાગ્યા સુધી ચોઈસ ફીલિંગ કરી શકાશે. આયુર્વેદની 83 અને હોમિયોપેથીની 56 એમ કુલ 139 બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2025-26 માટે આયુષ કોર્ષોમાં પ્રવેશ માટેની કટ ઓફ તારીખ લંબાવવામાં આવી છે. તેથી અગાઉ તમામ ઉમેદવારોને ઓફર કર્યા બાદ પણ ઓનલાઈન ચોઈસ ફીલિંગ શરૂ કરવામાં આવ્યું છે.

# નવસારીના આઉટર વિસ્તારોમાં 112 કરોડના ખર્ચે પાણી-ડ્રેનેજ પ્રોજેક્ટ

**25 હજારથી** વધુ લોકોને શુદ્ધ પાણી અને સ્વચ્છતાનો લાભ, આરોગ્ય સમસ્યાઓમાંથી મળશે મુક્તિ

ગાંધીનગરઃ રાજ્ય સરકારની અર્બન વિઝનને આગળ વધારતાં નવસારી મહાનગરપાલિકાએ 112 કરોડના ખર્ચે વ્યાપક પાણી પુરવઠા અને ડ્રેનેજ નેટવર્કનો અમલ શરૂ કર્યો છે.

1 જાન્યુઆરી 2025ના રોજ નવસારીમાં મહાનગરપાલિકા અમલમાં આવી હતી, જેમાં અગાઉના નવસારી-વિજલપોર પાલિકા વિસ્તાર સાથે ચાર ગામો–એરુ, ધારાગીરી, દાંતેજ અને હાંસાપોર–સમાવવામાં આવ્યા હતા. આ આઉટર વિસ્તારોમાં લાંબા સમયથી ચોખ્ખા પીવાના પાણી અને ડ્રેનેજ લાઈનના અભાવને કારણે નાગરિકોને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે નવસારી મહાનગરપાલિકા દ્વારા આશરે 112 કરોડના ખર્ચે નવું પાણી પુરવઠા અને ડ્રેનેજ નેટવર્ક વિકસાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં 25 હજારથી વધુ લોકોને પીવાના પાણીની સમસ્યા અને ગંદા પાણીના નિકાલની તકલીફમાંથી મોટી રાહત મળશે. ખાસ કરીને બાળકોમાં ફેલાતી આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે.

**નવા વર્ષે પાયાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન અપાશેઃમ્યુનિ.કમિ.**

નવસારી મહાનગરપાલિકાના કમિશનર દેવ ચૌધરીએ જણાવ્યું હતું કે, "નવા વર્ષે મહાનગરપાલિકા શહેરમાં ડ્રેનેજ, રસ્તા, સ્ટોર્મ વોટર અને પાણી વ્યવસ્થાપન જેવી પાયાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપી રહી છે. આ જ ઉદ્દેશથી શહેરમાં જોડાયેલા ચાર ગામોમાં સમગ્ર પાણી અને ડ્રેનેજ નેટવર્ક વિકસાવવામાં આવી રહ્યું છે. પ્રથમ ચરણમાં આ વિસ્તારોમાં ડ્રેનેજ અને વોટર સપ્લાયનું કામ પૂર્ણ કરાશે. પ્રોજેક્ટ નિર્ધારિત સમયરેખા મુજબ અમલમાં મૂકાઈ રહ્યો છે અને ટૂંક સમયમાં લોકો સુધી તેના લાભ પહોંચશે."

# આજથી દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલ ગુજરાત પ્રવાસે

**18 જાન્યુઆરીએ** અમદાવાદમાં મધ્ય ઝોન કાર્યકર્તા સંમેલન અને 19 જાન્યુઆરીએ વડોદરામાં પૂર્વ ઝોન કાર્યકર્તા સંમેલન યોજાશે

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવશે. આમ આદમી પાર્ટી પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટે જણાવ્યું કે આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે આમ આદમી પાર્ટી દ્વારા 7 ઝોન હેઠળ બુથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે.અરવિંદ કેજરીવાલનું આવતીકાલે તા. 17મી જાન્યુઆરીએ અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે.

18 તારીખે મધ્ય ઝોન અંતર્ગત અમદાવાદ ખાતે કાર્યકર્તા સંમેલન યોજાશે, જેમાં અમદાવાદ, ખેડા, ગાંધીનગર અને સુરેન્દ્રનગર લોકસભા વિસ્તાર આવરી લેવામાં આવશે. ત્યારબાદ 19 તારીખે પૂર્વ ઝોન અંતર્ગત વડોદરા ખાતે કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવશે, જેમાં આણંદ, વડોદરા, દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લાઓ આવરી લેવામાં આવશે. આ સંમેલનમાં અરવિંદ કેજરીવાલ કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરૂંપાડશે.

## BUSINESS મિત્ર

**IT, મિડ-કેપ બેન્કિંગ શેરોના સારા ત્રિમાસિક પરિણામથી બજારમાં સકારાત્મક સેન્ટિમેન્ટ**

# ઇન્ફોસિસના જોરે શેરબજારમાં તેજીની નજીવો ચમકારો

**બે દિવસના** ઘટાડા પછી સેન્સેક્સ 188 પોઇન્ટ વધ્યો, નિફ્ટીમાં 29 પોઇન્ટનો સુધારો, અંતિમ સત્રમાં પ્રોફિટ બુકિંગથી ઉછાળો મર્યાદિત થયો

મુંબઈ, તા. 16 : આઈટી જાયન્ટ ઈન્ફોસિસના શેરોએ શુક્રવારે સ્થાનિક શેરબજારમાં તેજીનો માહોલ સર્જ્યો હતો, જેમાં મુખ્ય સૂચકાંકો બે દિવસ પછી નજીવા વધારા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ ૧૮૮ પોઈન્ટ વધ્યો હતો જ્યારે નિફ્ટીમાં ૨૯ પોઈન્ટનો ઉમેરો થયો હતો.

સતત બે ટ્રેડિંગ સત્રોમાં ઘટાડા પછી, બીએસઈનો 30 શેરનો બેન્ચમાર્ક સેન્સેક્સ 187.64 પોઈન્ટ અથવા 0.23 ટકા વધીને 83,570.35 પર બંધ થયો. દિવસ દરમિયાન, તે 752.26 પોઈન્ટ વધીને 84,134.97 પર પહોંચ્યો હતો. જ્યારે એનએસઈનો 50 શેરનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી 28.75 પોઈન્ટ અથવા 0.11 ટકાના વધારા સાથે 25,694.35 પોઈન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, ઈન્ફોસિસના શેર સૌથી વધુ 5.67 ટકા વધ્યા. ડિસેમ્બર ક્વાર્ટરમાં ઈન્ફોસિસે ઓપરેટિંગ આવકમાં 8.9 ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે 45,479 કરોડ થયો હતો. કંપનીએ ચાલુ નાણાકીય વર્ષ માટે આવક વૃદ્ધિનો અંદાજ વધારીને 3-3.5 ટકા કર્યો છે. આ ઉપરાંત, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એચડીએફસી બેંક પણ મુખ્ય તેજીમાં હતા. બીજી તરફ, એટરનલ, એશિયન પેઈન્ટ્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા અને મારુતિના શેરમાં ઘટાડો થયો હતો.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, આઈટી અને મિડ-કેપ બેન્કિંગ શેરોના સારા ત્રિમાસિક પરિણામોને કારણે બજારમાં સકારાત્મક સેન્ટિમેન્ટ જોવા મળ્યું હતું. જોકે, ટ્રેડિંગ સત્રના છેલ્લા કલાકમાં પ્રોફિટ બુકિંગે ઉછાળાને મર્યાદિત કર્યો હતો. શેરબજારના ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ રૂ. 4,781.24 કરોડના શેર વેચ્યા હતા જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ રૂ. 5,217.28 કરોડના શેર ખરીદ્યા હતા.

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીઓને કારણે ગુરુવારે શેરબજાર બંધ રહ્યું હતું. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો, જ્યારે જાપાનનો નિક્કી, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગ સેંગ લાલ નિશાનમાં હતા. ગુરુવારે યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. આંતરરાષ્ટ્રીય તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૫ ટકા વધીને $૬૪.૪૩ પ્રતિ બેરલ થયું.

### રૂપિયો ઓલ ટાઇમ લોની નજીક પહોંચ્યો

મુંબઈ, તા. 16 : શુક્રવારે સતત ત્રીજા દિવસે રૂપિયો ગગડીને ૫૦ પૈસા ઘટીને ઓલ ટાઇમ લો ૯૦.૮૪ (કામચલાઉ)ની નજીક પહોંચીને બંધ થયો. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને વિદેશી મૂડીના સતત બહાર જવાથી સ્થાનિક ચલણ પર દબાણ આવ્યું હતું. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ડોલર દીઠ 90.37 પર ખુલ્યો. દિવસ દરમિયાન તે 90.89 ના નીચલા સ્તરને સ્પર્શ્યો. અંતે તે 90.84 (કામચલાઉ) પર બંધ થયો, જે બુધવારના બંધ કરતા 50 પૈસા નીચે હતો.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.70 રૂ. |
| યુરો | 105.37 રૂ. |
| પાઉન્ડ | 121.46 રૂ. |
| યેન | 0.57384 રૂ. |

### ઇન્ફોસિસના ત્રિમાસિક પરિણામ પછી શેરનો ભાવ 5.63% ઉછળ્યો

મુંબઇ, તા. 16 : શુક્રવારે કંપનીએ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા પછી દલાલ સ્ટ્રીટ પર ઇન્ફોસિસ લિમિટેડના શેરમાં તીવ્ર ઉછાળો આવ્યો. ઇન્ફોસિસમાં તેજીથી વ્યાપક બજારોને પણ ઉંચા સ્તરે પહોંચવામાં મદદ મળી, બેન્ચમાર્ક સૂચકાંકો લગભગ 1% વધ્યા અને તેમની તાજેતરની હારનો દોર તોડી નાખ્યો. શરૂઆતના કારોબારમાં ઇન્ફોસિસના શેરનો ભાવ 5% થી વધુ ઉછળ્યો હતો. એક્સચેન્જ ડેટા મુજબ, શેર રૂ.1,681.55 ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો, જે તેના અગાઉના રૂ.1,599.05 ના બંધ ભાવથી રૂ.82.50 અથવા રૂ.5.16% વધીને રૂ.1,681.55 પર ટ્રેડ થઈ રહ્યો હતો. ઇન્ફોસિસના શેરમાં મજબૂત ચાલથી અન્ય આઇટી શેરોમાં પણ સુધારો થયો , કારણ કે રોકાણકારોએ કંપનીના કમાણી અને અંદાજ અંગે સકારાત્મક પ્રતિક્રિયા આપી હતી. બજાર બંધ થયું ત્યારે ઇન્ફોસિસનો શેર 5.63 ટકાના વધારા સાથે 1,689.80 પર બંધ થયો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 187.64 | 83570.35 |
| નિફ્ટી | 28.75 | 25694.35 |
| બેન્ક નિફ્ટી | 515.00 | 60095.15 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસિસ | 5.63 | 1,689.80 |
| ટેક મહિન્દ્રા | 5.16 | 1,670.50 |
| વિપ્રો | 2.79 | 267.45 |
| એચસીએલ ટેક | 1.77 | 1,698.00 |
| ટાટા કોન્સ | 1.51 | 1,189.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.86 | 287.70 |
| જીઓ ફાઇનાન્સીઅલ | 2,86 | 278.80 |
| સિપ્લા | 2.58 | 1,397.50 |
| હિન્દાલકો | 2.17 | 934.65 |
| એશિયન પેઇન્ટ | 2.03 | 2,756.90 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૭૦૦ |
| તેજાબી સોનું | ૧૪૫૬૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૪૧૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૭૮૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૭૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૮૨૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૮૩૯૦૦ |

# 1લી એપ્રિલથી નવો ઈન્કમટેક્ષ કાયદો

1લી એપ્રિલ 2026થી ઈન્કમટેક્ષ એક્ટ 2025નો નવો કાયદો દેશભરમાં અમલી બનશે, જે 64 વર્ષ જૂના ઈન્કમટેક્ષ એક્ટ 1961ને બદલી કાઢશે. જૂનો ઈન્કમટેક્સ કાયદો કલમ, પેટા-કલમ, પ્રોવિઝન, પેટા-પ્રોવિઝન, સમજૂતી વિગેરે વર્ષો વર્ષનો સુધારાથી જટીલ અને સમજવો અઘરો બન્યો હતો. નવા કાયદામાં ભાષા સરળ અને સમજવામાં આસાન છે એવો દાવો છે પરંતુ જૂના કાયદાની કોઈ પણ જોગવાઈઓ બદલી નથી તેથી જોવાનું એ રહેશે કે આવનાર દિવસોમાં દાવાદૂગી ઘટે છે, કરદાતાઓનું જીવન ખુશહાલ બને છે કે કેમ એ તો સમય જ કહેશે. જોકે આશ્ચર્ય એ વાતનું છે કે આખા કાયદાને ચલાવવા માટે જરૂરી નિયમો (Rules) હજુ સુધી બન્યા નથી તેમજ ઈન્કમટેક્સ રીટર્ન ફોર્મ હજુ સુધી બહાર પડ્યા નથી. એ બધા વચ્ચે હવે 1લી ફેબ્રુઆરીએ બજેટ બજાર પડશે ત્યારે દેશભરના કન્સલ્ટન્ટો અને સી.એ. સ્તબ્ધ છે કે હજુ તો નવો કાયદો 1-4-2026થી અમલી થયો નથી. શુ એમાં સંશોધનો અને પેરફારો આવશે જે ટેક્ષ વર્ષ 2026-27થી લાગૂ હશે?

**આ અંકમાં આપણે નવા કાયદાના ફેરફારો ઉડતી નજરે જોઈશું.**

(1) પગારદાર કર્મચારી- પગારનું વ્યાખ્યા,

સવલતો (Prepqusites) સ્ટાન્ડર્ડ ડિડકશનની લીમીટ જૂની ટેક્સ સીસ્ટમ મુજબ 50 હજાર, નવી ટેક્સ સીસ્ટમ મુજબ, 75 હજાર વિગેરે તમામમાં કોઈ ફેરફાર નથી. પરંતુ સવલતો અંગેના વેલ્યુએશનના નવા નિયમો આવશે. આ ઉપરાંત નિવૃત્તિ સમયે મળતી ગ્રેજ્યુઈટી, લીવ-એનકેશમેન્ટ (હક્ક રજા) કોમ્યુટેશન ઓફ પેન્શન વિગેરે અંગેની કરમુક્તિ સીમા-મર્યાદા મુજબ એક સમાન છે. પરંતુ હવે આ તમામ નિવૃત્તિ હક્કો ગ્રોસ પગારમાં બતાવીને એના ઉપર કપાત (Deduction) બાદ માંગવાનું રહેશે.

ટેક્સ ટ્વિટર

વિરેશ રૂદલાલ

(2) કેપિટલ ગેઈન- ખેતીની જમીન અને ખેતીની ઉદભવતી આવક અંગે નવી કલમ- 2(5) (ii) va ઉમેરો થયો છે જૂના કાયદામાં ન હતી. પરંતુ શું આ ભૂલથી ઉમેરો થયો છે કે એની પાછળનું કંઈક કારણ છે જે સ્પષ્ટ નથી. આ પેટા કલમ મુજબ ગ્રામ્ય (રૂરલ) વિસ્તારની જમીનો કે જે જૂના અને નવવા કાયદામાં કેપિટલ ગેઈન કાયદામાં કરમુક્ત છે તેના ટ્રાન્સફરથી ઉદભવતી આવક ખેતીની આવક ગણાશે નહિ. હવે આ પ્રકારના પેટા-ક્લોઝનો અર્થ એ થાય કે આવી રૂરલ જમીનોના વેચાણથી થતી કેપિટલ ગેઈનની આવક ખેતીની આવક તરીકે પણ કરપાત્ર નથી.

(3) ઘસારાપાત્ર મિલ્કતો

ધંધા-વ્યવસાયમાં કેટલીક સ્થાવર મિલ્કતો જેવી કે દુકાન, ગોડાઉન, ફેક્ટરી, બિલ્ડીંગ વિગેરે પર ઘસારો માંગવામાં આવે છે જેને લીધે આવી મિલકતોનું મૂલ્ય વર્ષો વર્ષ ઘટતું જાય છે એને જાણીતી ભાષામાં W.D.V. (Written Down Value) કહે છે. હાલના જૂના કાયદાની કલમ-50 અને નવા કાયદાની કલમ- 74માં થોડો ફેરફાર થયો છે. હવે આ ઘસારાપાત્ર મિલકતોનો આખો બ્લોક (Block) મિલક્તોના પ્રકારના આધારે નક્કી થાય છે. સ્થાવર મિલકતોનો એક બ્લોક, મોટર કારનો બીજો બ્લોક, વિગેરે વિગેરે સ્થાવર મિલક્તોના બ્લોકમાંથી એક કે વધારે મિલ્કતો વેચાય અને આખે આખો બ્લોક વેચવામાં આવે નહિ અથવા બીજી શક્યતામાં બ્લોકની તમામ મિલકતો વેચાય જાય અને બ્લોક સમાપ્ત થઈ જાય. બંને સંજોગોમાં લાંબા ગાળાનો નફો ગણી શકાય.

હવે આ બ્લોકમાં કેટલીક મિલકતો બે વર્ષથી વધારે સમય ધારણ કરેલી હોય તો તે અંગે ગૌહોટી હાઈકોર્ટના આસામ પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ તથા મુંબઈ હાઈકોર્ટના આસામ પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ તથા મુંબઈ હાઈકોર્ટના એઈસ બિલ્ડર્સ તથા ગુજરાત હાઈકોર્ટના આદિત્ય મેડિસેલ્સ લિ. ના ચૂકાદાઓ મુજબ આ કેપિટલ ગેઈનને રોકાણનો લાભ મળે અથવા કેપિટલ ગેઈન બોન્ડનો લાભ મળે અને કેપિટલ ગેઈન બચી શકે. હવે સંપૂર્ણ બ્લોકના વેચાણમાંથી ઉદભવતો નફો શોર્ટ ટર્મ જ ગણાશે. એવી સ્પષ્ટતા છે.

# પહેલી ફેબ્રુઆરીના રવિવારે બજેટ હોવાથી શેરબજાર ખુલ્લા રહેશે

**BSE, NSEએ** જાહેર કર્યું કે પહેલી ફેબ્રુઆરીએ નિયમિત ટ્રેડિંગ સત્ર રહેશે

મુંબઈ, તા. 16 : મુંબઈ શેરબજાર અને એનએસઈએ આજે શુક્રવારે જાહેરાત કરી હતી કે રવિવારે પહેલી ફેબ્રુઆરીએ બજેટ 2026 માટે શેરબજારો રવિવાર હોવા છતાં ટ્રેડિંગ માટે ખુલ્લા રહેશે. સ્ટોક એક્સચેન્જે જાહેરાત કરી કે તે દિવસનું શેડ્યૂલ પ્રમાણભૂત સમય મુજબ રહેશે.

એનએસઈએ એક પરિપત્રમાં જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટની રજૂઆતને કારણે, સભ્યોને વિનંતી છે કે તેઓ નોંધ લે કે એક્સચેન્જ 01 ફેબ્રુઆરી, 2026 ના રોજ સ્ટાન્ડર્ડ માર્કેટ સમય (સવારે 9:15 થી બપોરે 3:30) મુજબ લાઈવ ટ્રેડિંગ સત્રનું આયોજન કરશે. બ્રોકર્સ, રોકાણકારો, એએમસી અને બજારના સહભાગીઓએ ઊંચા કરવેરા પર નિરાશા વ્યક્ત કરી છે, અને કહ્યું છે કે તે લાંબા ગાળાના રોકાણને નિરુત્સાહિત કરે છે.

લોકસભા સ્પીકરે 12 જાન્યુઆરીએ પુષ્ટિ કરી હતી કે 2026 માટેનું કેન્દ્રીય બજેટ 1 ફેબ્રુઆરી, રવિવારે સવારે 11 વાગ્યે રજૂ કરવામાં આવશે. ૨૦૨૬નું બજેટ નાણામંત્રી નિર્મલા સીતારમણનું સતત નવમું કેન્દ્રીય બજેટ રજૂ કરશે, જે તેને નાણામંત્રી દ્વારા રજૂ કરાયેલા સૌથી લાંબા અવિરત બજેટ કાર્યકાળમાંનું એક બનાવશે.